હંસવિજયજી જૈન લાયબ્રેરી ગ્રંથમાળા પુસ્તક ત્રીજુ

સટોરીયાને શિખામણ.

છપાવી પ્રસિદ્ધ કરનાર,

શ્રી હંસવિજયજી જૈન લાયબ્રેરી.

વિનંતિ પત્ર.

સર્વે સદ્ગૃહસ્થોને વિનંતિ કરવામાં આવે છે કે, અમારી શ્રી હંસવિજયજી જૈન લાયબ્રેરી તરફથી સોના રૂપાના વરખ તથા અસલ ઉંચી જાતનું કેશર છુટક તથા જથાબંધ કીફાયતભાવે વેચવામાં આવે છે. તેથી જે સજ્જનોને જોઇએ, તેમણે નીચેના શિરનામે લખી મોકલવા કૃપા કરવી.

લી. શેવક.

શ્રી હંસવિજયજી જૈન લાયબ્રેરીના
ઑનરરી સેક્રેટરી.
જેશંગભાઈ છોટાલાલ સુતરીઆ

લુણસાવાડે મ્હોટી પોળ
અમદાવાદ.

શ્રી હંસવિજયજી જૈન લાયબ્રેરી ગ્રંથમાળા પુસ્તક ત્રીજું.

સટોરીયાને શિખામણ.

રચનાર
શાહ કેશવલાલ જમનાદાસ પાલખીવાળો.
અમદાવાદ.

છપાવી પ્રસિદ્ધ કરનાર
શ્રી હંસવિજયજી જૈન લાયબ્રેરી તરફથી ઑનરરી સેક્રેટેરી
જેશંગભાઇ છોટાલાલ સુતરીઆ
અમદાવાદ.

આવૃત્તિ ૧ લી   પ્રત ૨૦૦૦
સંવત ૧૯૬૮   સને ૧૯૧૨

સત્યપ્રકાશ પ્રિન્ટિંગ પ્રેસમાં શા. પ્રેમચંદ નહાલચંદ
તથા ડાહ્યાભાઈ શકરાભાઈ ગાંધીએ છાપી.
અમદાવાદ.

કિંમત અડધો આનો.

અર્પણ પત્રિકા.

દારૂપી શત્રુના પંજામાં ફસાએલા મનુષ્યોને બચાવવા

માટે પ્રયત્ન કરનારને, તથા તેવા હાનીકારક ધંધાની

સામે તિરસ્કારની નજરે જોનાર વીરપુરૂ-

ષોને, પ્રેમપૂર્વક ધન્યવાદ આપવા

ઉપરાંત, આ મારો લઘુગ્રંથ

સમર્પણ કરી અત્યાનંદ

પામું

છું.

લી. સેવક

શાહ કેશવલાલ જમનાદાસ પાલખીવાળા.

પ્રસ્તાવના.

વર્ત્તમાનકાળને વિષે દ્યુતરમણનો પ્રચાર દિનપરદિન વધતો જાય છે. અને તે જુગાર મનુષ્યને એટલો તો હાનીકારક છે કે, એને માટે એક મોટો ગ્રંથ લખવામાં આવે તો પણ તે ઓછું છે. પરંતુ પુસ્તકમાં જગોની સંકોચને લીધે તેમ બની શકયું નથી, પણ અમદાવાદમાં થતો સટ્ટાનો વહેપાર અને જોટાના પાટીયાનો ધમધોકાર ચાલતો ધંધો જોઇ, હું મારા થોડાક વિચાર દર્શાવું છું.

ઝેરી બીજ વાવનાર મનુષ્ય કદીપણ અમૃત ફળ પામતો નથી. તેવીજ રીતે સટ્ટાના વહેપાર કરનાર નર પોતાના વડીલોએ મેળવેલું ધન અને આબરૂ બન્ને ગુમાવી પરિણામે નિર્ધન અને નિરાધાર થઇ જાય છે. જેથી તે જીવતાં સૂધી દુઃખીને દુઃખીજ રહે છે, એવા હજારો દાખલા આપણા જોવામાં આવ્યા અને આવે છે. તેથી સિદ્ધ થાય છે કે, સટ્ટો મનુષ્ય માત્રનો કટ્ટો શત્રુ અને આબરૂને બટ્ટો લગાડનાર પક્કો પાપી છે

દુનિયાનાં દરેક ધર્મશાસ્ત્રોમાં સ્પષ્ટ રીતે જણાવેલું છે કે, સટ્ટો એ ખુલ્લું જુગાર છે. ને તેનો વહેપાર કરનાર મનુષ્યને મહા દોષ લાગે છે. તેમ છતાં હાલમાં ઘણા માણસો વગર મહેનતનું ધન લેવાને દરેક જાતના સટ્ટાઓ કરે છે. પરતુ શાસ્ત્રકારે શું કહેલું છે, અને તે વહેપાર કરવાથી કેટલો અને કેવો દોષ લાગે છે, તે તરફ લેશ માત્ર પણ પાછું વાળી જોતા નથી.

સટ્ટાને જુગાર કહેવાનું પહેલું કારણ એ છે કે પાસાથી અગર ગંજીફાથી રમનાર જેમ ખાદ નફાના પૈસાની આપ લે કરે છે, તેમ સટ્ટાનો વહેપાર કરનાર પણ તારના સંદેશાથી, કે વધ ઘટના ભાવથી ખાદ નફાના પૈસા આપે લે છે. તેથી તે પણ જુગાર છે, એમ કહેવામાં જરાએ શક જણાતો નથી.

વળી સટ્ટાને જુગાર કહેવાનું બીજું કારણ મળી આવે છે કે, આપણા બીજા હજારો ધંધાનું લહેણું લેવા આપણે સરકારને અરજ કરીએ છીએ, તો તે દાદ સાંભળી આપણને વ્યાજબી ઇન્સાફ આપે છે. પરંતુ સટ્ટાના વહેપારનો કોઇ પ્રકારે દાવો ચાલતો નથી એ કારણથી પણ સટ્ટાના વહેપારને જુગારનો દોષ લાગુ પડે છે.

સટ્ટાના વહેપારી માટે સુધરેલી પ્રજા હલકો અભિપ્રાય ધરાવે છે. ઉંચી પંક્તિના ગૃહસ્થોમાં તેમનું માન હોતું નથી. ને તેથી દિનપરદિન વહેવારમાં ઘટાડો થતો જાય છે, એટલુંજ નહિ, પરંતુ લોકમાં તેમની આબરૂ હોતી નથી; તેથી તેમને કોઇ કાંઇ પણ ધીરતું નથી. એ પરથી પણ જણાઇ આવે છે કે, એ વહેપાર કરનાર પુરૂષની જીંદગીને જબરો ધોખો લાગે છે. માટે તેનાથી દૂર રહેવું એ વધારે સારૂં છે.

ઠે. લુણસાવાડે મ્હોટી પોળ
અમદાવાદ.

લી. સેવક
શાહ કેશવલાલ જમનાદાસ પાલખીવાળા

સટોરીયાંને શિખામણ.

ઇશ્વરસ્તુતિ.

હરિગીત છંદ.

૧

હે ઇશ નામી શીષ પ્રેમે પાયલાગી વિનવું,
અરપો સુબુદ્ધિ આપ જગનાબાપ કરજોડી કહું;
પઢીયો ન પિંગળઆઠ ગણનો ઠાઠ માત્રા મેળને,
જાણું નહિ લવલેશ લઘુગુરૂની કળા કે ખેલને.
કવિજન કૃતિની પાસ અક્કલ ખાસ મા'રી અલ્પ છે,
તે તમ કૃપાદૃષ્ટિ વિના કેવી રીતે કવિતા રચે;
માટે કરો મમ સાહ્ય લઘુ આ થાય પુસ્તક રસ ભર્યું,
કિરતાર પ્રાણાધાર વારંવાર હું વિનતિ કરૂં.

દોહરો.

હાથી કંઇક ઉડી ગયા, વાઘે મૂક્યું માન;
રીંછોંને રોળી ર્ક્યા, સટ્ટે શ્વાન સમાન.

મનોહર છંદ.

૨

વ્યસન બુરામાં બુરૂ, જગમાં જુગાર તણું;
સટ્ટાને નમસ્કાર, કરી દુર ભાગજો.

પીધો એનો પ્યાલો તેણે, લીધો લાભ કેવો તે'નો;
ચિતાર બતાવું તેહ, જોવા માટે જાગજો.
પત્તાં અને પાસા વડે, ખેલી ખેલ થાકયા ઘણુ;
મેલી ઘરબાર બહુ, રોયા કાઢી રાગજો.
ભીખારી સમાન ભીખ, માગતા બજાર માંહે;
લાજને લુંટાવી મૂકે, માતા કૂખે આગજો.
મડારૂપી મીલ--શર, વાયદાના વેચી લઇ;
ફાયદાના શોધનારા, આખર ફસાય છે.
મોર્ટગેજ મૂકી મૂડી, ગાંઠની ગૂમાવ્યા બાદ;
ખાદતણા ખાડા મહીં, ચીંથરાં ચુંથાય છે.
કમીશન ખાવા કરી, કેટલાકે મુરખાઇ;
પારકું પોતાનુ હોમી, હોજ માંહે નાહ્ય છે,
દિવાલો ઉભી છે તે'ને, દેખી દીલ દાઝે પણ;
કુવામાંની છાંયડી તે, કુવામાં સમાય છે.
અફીણની પેટી જેને, ભેટી તેહ જનતણી;
અતિ અવદશા થઇ, અને ભીખ માગીયા.
જોટાના શોખીન તે'ને, જડયાં જુતાં માથે તેથી;
પુટેલા કપાળે કંઇ, બાવા બની ભાગીયા.
ચાંદીની પાટોમાં ખોટયો, કોઈ કદી જાણ્યો નથી;
કાણ્યો ઘેર આણી ઘણા, કુટાણા અભાગીઆ.
ખાંડીના વે'પારી રાંડી, ખુણે પેઠા ખાલી થઈ;
જૂગારૂં રમીને વટ, વે'વારેથી ત્યાગીયા.

વાડીના ભમરા દ્રાક્ષ મીઠીરે ચાંપાનેરની એ રાગ.

૩

જૂગારી જનો જૂગટું રમ્યાની ટેવ ટાળજો. ટેક.

કાજ માઠામાં માઠું મન એ ગણો,
લીજ લેશ ન જાણો જગમાંહ્યરે; જૂગારી જનો ૧
જોયા હાલ બે હાલ ઘણા એહથી,
રોયા દ્યૂત રમત રમનારરે, જૂગારી જનો. ૨
ખેલે પત્તે. પાસે કે ઠોર મૂઠથી,
મે'લે નાણું ઘરેણું ઘરબારરે; જૂગારી જનો. ૩
રમે અંગનાં વસ્ત્રો વેચી જૂગટે,
ભમે ભુંડા હાલે તે પછી ભાઈ રે! જૂગારી જનો. ૪
ચિત્ત ચોરી કર્યામાં રહે રાતદી,
વીત લેવાને મન લલચાયરે, જૂગારી જનો ૫
કૂળ બાળે જૂગારી જન બાપનું,
શૂળ પેદા કરે છે ઘરમાંહ્ય રે; જૂગારી જનો ૬
તજે સંગ સજનો સઉ તેમનો,
ભજે ભુંડો જૂગારી કહી લોકરે; જૂગારી જનો ૭
તોલ તરણા સમાન નાત જાતમાં,
બોલ લબાડી સરીખો લેખાય રે; જૂગારી જનો ૮
ખોયું પાંડવે રાજ જૂગટું રમી,
જોયું નળરાજાએ મહા દુખ રે; જૂગારી જનો. ૯
જ્યારે પર્વ આવે છે ખરાં પુન્યનાં,
ત્યારે પાપી પુરુષો પૂરે દાવરે; જૂગારી જનો ૧૦

પાપ અમાપ લખ્યું છે સિદ્ધાંતમાં,
છાપ નીચ ગતિની લેશો આપ રે; જૂગારી જનો. ૧૧
કહે કેશવ તજો તે કૂટેવને;
રહે નાકને નાણું ભલી ભાત રે. જૂગારી જનો. ૧૨

માન માયાના કરનારારે—એ રાગ

૪

શીખ માનો સટોરીયા માનોરે, ભીખ માગો છો શીદ નાદાનો;
કોઇ તર્યું ન કોઇ તરવાનોરે, લેશ ધારો ન ધંધો નફાનો. ટેક
કાયા નમાવ્યા વિના કમાવું, ધારે છે બહુ બે ભાનો;
નાણું રળે છે તાર ટપાલો માનો 'કહ્યું' હેવાનોરે —ભીખ. ૧
ખાંડી પેટીને ચાંદી જોટામાં મૂક્યાં ઘણાએ માનો;
વિષ ભલે હો હીરા સમુ પણ સાકરનો સ્વાદ હોય શાનોરે. ભીખ ૨
ક્રોડો કુટાયા ને લાખો લૂંટાયા લેખાતા જેહ મે'રબાનો
તેહ થયા તરણા તુલ્ય આજે મળ્યો કિતાબ મડદાનોરે. ભીખ ૩
માલ ઘરેણાં મૂક્યાં ઘરાણે ચૂક્યા ન મે'લ મકાનો.
ખાલી થયાથી ફુંક્યાં દેવાળાં વાંધો ઉદર ભરવાનો રે—ભીખ ૪
ઝાઝો ચડસ એ જેણે કર્યો તે હાથે થયા હેરાનો;
મોત કમોતે મુઆ ઘણાએ કેશવ કહ્યું વીર માનો રે—ભીખ ૫

રાગ બનજારાનો.

૫

શિક્ષા સારી ઉરધારો, સટ્ટાનો સંગ નિવારો. ટેક
છે ઝેર હળાહળ પેટી, એ જે જન કરમે ભેટીરે;
તે પાય ઘસી મરનારો, સટ્ટાનો સંગ નિવારો. ૧

જોટે જઈ જુતાં ખાશો, ધન સાટે ધૂળ કમાશોરે;
સમજુ નહિ કે'શે સારો, સટ્ટાનો સંગ નિવારો. ૨
ચાંદી સૌ ચોખ્ખું કરશે, આંખોથી આંસુ ખરશેરે;
દુઃખ દરિયો તે થાનારો, સટ્ટાનો સંગ નિવારો. ૩
શેરોએ પૂરા કીધા, ધનમાલ ઘરેણાં લીધાંરે;
લીલામ થયાં ઘરબારો, સટ્ટાનો સંગ નિવારો. ૪
જે ચઢયા વાયદો કરવા, તે કરે પથારી મરવારે;
પળમાંહે જીવ જનારો, સટ્ટાનો સંગ નિવારો. ૫
ખાંડીએ ખાંડી નાંખ્યા, રંડાવી ખુણે રાખ્યારે;
તે ધંધાને ધિક્કારો, સટ્ટાનો સંગ નિવારો. ૬
કળશીમાં કોઈ ન ફાવ્યા, દોરીલોટો લઈ આવ્યારે
ભટકાતા ફરે હજારો, સટ્ટાનો સંગ નિવારો. ૭
ધન તાર ટપાલો ખાએ, વિદેશે તે ઘસડાયેરે;
શી રીતે રહે ઉગારો, સટ્ટાનો સંગ નિવારો. ૮
ઝુલતા જે દ્વારે હાથી, બકરી ત્યાં ના બંધાતીરે,
દેખ્યો દિ ઘણો નઠારો, સટ્ટાનો સંગ નિવારો. ૯
સટ્ટો છે મા' દુખદાઈ, આવ્યું છે કોણ કમાઈરે;
કેશવ કે' વીર વિચારો, સટ્ટાનો સંગ નિવારો. ૧૦

દોહરો.

લૂંટ્યા લાખો પેટીએ, જોટે કર્યા અતિત;
ચાંદીથી ચોખું થયું, શેરો સડયા ખચીત.

ગોવિંદ ગુણ ગાઓરે એ રાગ.

૬

સટ્ટાનો સંગ ટાળોરે ખોટાનો સંગ ટાળોરે
લેશ ન સાર. ટેક.
કષ્ટનું કારણ, સ્પષ્ટ ન તારણું;
ભીખ મગાવણ વાળો રે-હાં. [૨] લેશ ન સાર. ૧
કરતા કમાણીરે, ધન ધૂળધાણીરે;
ડાઘ પડે કુળ કાળોરે-હાં. [૨] લેશ ન સાર. ૨
હાટ હવેલીરે; પરઘર મેલીરે;
ભાડાં ભરે ભમરાળોરે-હાં [૨] લેશ ન સાર. ૩
સઘળું ગુમાવીરે, અવદશા લાવીરે;
રોતા ફરે રેઢીયાળોરે-હાં. [૨] લેશ ન સાર. ૪
નર જે જુગારીરે, તેહ તણી નારીરે;
બોલે બળ્યો જનમારોરે-હાં [૨] લેશ ન સાર. ૫
જગજશ માનેરે, તરણા સમાનેરે;
લાજ લીએ લ્હેણદારોરે-હાં [૨] લેશ ન સાર. ૬
કેશવ કે'છેરે, મહાદુઃખ એ છેરે;
દેશ ડુબે છે રસાળોરે-હાં. [૨] લેશ ન સાર. ૭

ગઝલ કવ્વાલી.

૭

તજો કુટેવ સટ્ટાની, થતી આ દેશની હાની;
ન લેશો લાભ તે માંહે, ગમાવો કેમ જીંદગાની? ૧

જુગારીદાસના ચેલા, મળે તે જે સ્થળે ભેળા;
ટકાના તેર લેખાંએ, વગોવે કૂખ માતાની. ૨
નિડર ના થાય એ ધંધા, ખુણા ખોળે જઈ બંદા;
રહે છે રાજ ભય ભારી, જગો જોતા છુપાંવાની. ૩
હતાં રાતા અને માતા, ભિખારી તુલ્ય ભટકાતા;
ઉડી ગઈ મુખની લાલી, પીડા પામે ઘણી છાની. ૪
ચઢ્યા જે દુષ્ટ એ દ્વારે, મૂક્યું ધન-ધાન ઘરબારે;
બન્યા હાથી અજા જેવા, મઝા એમાં ગણો શાની. ૫
રળે જો કોંક દિ કાંયે, વધુ લેવા જતા ત્યાંયે;
ગુમાવી ગાંઠની મૂડી, બને છે જોડ બાવાની. ૬
થતાં લેખાં જીહાં લાખે, નથી ત્યાં ઉડતી રાખે;
પડે છે પાઈના સાંસા, જડે નહિ જાર ખાવાની. ૭
ગયા ગાડી અને ઘોડા, રહ્યાં નહિ મે'લનાં રો'ડાં;
ઉગે છે આકડા એમાં, ન પુંજી તે કઢાવાની. ૮
અભાગી નાથની નારી, રડે આંસુ ભરી દા'ડી;
કરે કલ્પાંત નિજ બાળક, લીધો શું છાપ મુર્ખાની. ૯
સગાં સૌ ભાઈને ભાંડે, સબંધી સ્નેહને છાંડે;
સદાચારી ન રહે સંગે, ધિક્કારે દુનિઆ દાની. ૧૦
થયા એ ખ્યાલથી ખાલી, મુઆ ફાંસો ગળે ઘાલી;
સુતા પી ઝેરના પ્યાલા, કરીને કંઈક નાદાની. ૧૧
ગયા જે લાડવો લેવા, થયા તેતો બધા એવા.
લગાડો લાહ્ય એ ધંધે, કહ્યું કેશવનું માની. ૧૨

મને વ્રજવાસ છે વ્હાલો રે—એ રાગ.

૮

ખરખર સ્વાદ છે ખારો રે સટ્ટામાં સુખ ન ધારો રે; ટેક

કુળ કલંકિત થાય છે તેથી જાય છે જશ જરૂર,
વાય છે વાયરો જે જનને તે, ખાય ખત્તા ભરપૂર;
આવે ના દુઃખનો આરોરે સટ્ટામાં સુખ ન ધારોરે. ૧
કાયા કસ્યા વિણ નાણુ કમાવું મૂર્ખ ધારી મન માં'ય
અક્કડ વસ્ત્રો પે'રીને ફક્કડ જોઠાના પાટીએ જાય
મળે જ્યાં સંગ નઠારો રે. સટ્ટામાં—૨
ખાધા"દીધા કહી પાડે બરાડા નાચે કુદે મકલાય;
તાર આવ્યો ને ભાવ જાણ્યો કે ટાઢ ચડે છે ત્યાંય,
હારેલા ધ્રુજે હજારો રે. સટ્ટામાં—૩
દેવુ દેવાને નાણુ ન હોએ તો હડકાયા થાય,
મુખ વીલે કંઈ માગે ઉછીનુ આમથી તેમ ટીચાય;
આવે ભીખ માગવા વારો રે: સટ્ટામાં—૪
ભાવતાં ભોજન જે જમતા તે માગતા ઘેરેઘેર;
તોએ ન પુરૂ પેટ ભરાયે હાલ થયા એ પેર,
વહે આંસુની ધારોરે. સટ્ટામાં—૫
લાખોનાં લેખાં જે ઘરં થાતાં તે નર પડતા પાય,
શેર મીઠું ના નામે લખાતુ જ્યાં ત્યાં હડેધુત થાય;
પડે પૂરા ફીટકારો રે. સટ્ટામાં—૬
સટ્ટો સૌ જનને દુખદાઇ ખટ્ટો છે સ્વાદ અથાગ,
બટ્ટો લગાડે બાપના નામે કટ્ટો એ કાળો નાગ;
માટે મમ વીર વિચારોરે સટ્ટામાં સુખ ન ધારો રે. ૭

રાગ મીરાંબાઈના ભજનનો.

૯

સટ્ટાની સોબત ત્યાગોરે ઓ વીરા મા'રા સટ્ટાની સોબત ત્યાગો. ટેક.
દ્વાર છે એતો દુરાચારી જનોનું રે.

આર્ય લુંટાણા એથી લાખો રે, એ વીરા મા'રા .૧
કુળ કલંકીત ક્રોડોના કીધાં રે,
તેથી તેજ તજી દૂર ભાગો રે, એ વીરા મા'રા ૨
તર ત્રિજોરી ભલે હોએ તથાપિ રે,
પૈસા ખસે છે કરી પાંખોરે. એ વીરા મારા ૩
હાટ હવેલી વેચી એમાં ઘણાએ રે,
માલ ઘરેણાં મૂકયાં બાગોરે. એ વીરા મારા. ૪
નારી જૂગારી તણી દીલમાં દાઝે રે,
આંસુ ભરે છે ભવ આખો રે, એ વીરા મા'રા ૫
ભાઇને નામે કોઇ પાઇ ન ધીરે રે,
લે'ણદારો તે બોલે ફાગો રે, એ વીરા મારા ૬.
સટોરીયાનો કોઇ સંગ ન સાંધે રે,
ધર્મ રહે છે એથી આઘો રે, એ વીરા મારા ૭.
જૂઠ અનીતિ અનાચાર વધે છે રે,
નાસે સદાચાર આઘો રે, એ વીરા મારા ૮
વ્હેવાર માંહે એતો વાટ ઉઠાડે રે,
કપાળે લાગે કાળો ડાઘો રે, એ વીરા મારા ૯
કેશવ કે'. છે ધંધો ધૂળ એ ધારો રે,
ભાળ્યા ભીખારી મેં તો લાખો રે, એ વીરા મા'રા ૧૦

સુણ ચતુર સુજાણ. એ રાગ.

૧૦

સુણ સટોરીયા, સટ્ટાના કુસંગે બટ્ટો લાગશે,
તજ ટેવ બુરી, બાવળીયો વાવ્યાથી સૂળો વાગશે. ટેક.

એ ધંધો પાપી પાકો છે, જૂગાર તણો પણ કાકો છે,
ફોગટ ફાંફાંનો ફાકો છે, સુણ, ૧
છે દ્વાર દુરાચારી જનનું, ભક્ષણ કરતું કીર્તિ ધનનું;
રક્ષણ નવ રે'તું તનમનનું, સુણ. ૨
વહેવાર નથી જગમાં એનો, વિશ્વાસ ન કોઇ કરે તે'નો;
ચિંતાતુર રે' જીવડો જેનો સુણ. ૩
ચાંદી પેટીને જોટાનો, ધંધો એ મોટા' તોટાનો;
રસ્તો છે દોરી લોટાનો, સુણ. ૪
સજ્જન કો સંગ નથી કરતું, ચગડોળ સમુ મન રે' ફરતું;
મળતા સંગી ત્યાં મન ઠરતું, સુણ. ૫
એ વગર મે'નતના ધંધાથી, તારાજ થયા લક્ષાધિપતિ
મડદાને ખાંપણ મળતું નથી, સુણ ૬
પળમાં ધનવાન બને તું તો, પળ એક પછી આંસુ લુંતો;
ઢીલા લમણે દેખ્યો સૂતો, સુણ ૭
મીઠો એ મારગ લાગ્યાથી, બકરી સમ બનીયા બહુ હાથી;
ભીખ માગીને ભાગ્યા ત્યાંથી, સુણ ૮
ઘરબાર ઘરેણાંને મેલી, ખત લખી આપે જુગટું ખેલી;
બૈરી બાળકનો કુણ બેલી, સુણ ૯
ઉર આગ સળગતી હોય સદા, આનંદ ન દિશે લેશ કદા;
ગુણહીણ ગણાતા એહ બધા. સુણ. ૧૦
મળતા તે જ્યાં સટ્ટા માટે, બુમો પાડે ત્યાં બે ફાટે;
દીસે છે લઢતાનો ઘાટે. સુણ. ૧૧
ખાધા લીધા દીધા કહીને, નાચે કૂદે સામા જૈને;

ભટકતા કઇંક ગળી ખંઇને. સુણ. ૧૨
ભય સજ તણો રે'છે ભારી, પકડાતાં જેલ લીધો ધારી;
મીઠાઇ નથી ત્યાં તો ઠારી. સુણ. ૧૩
આવરદા એળે જાય બધી, ધનલાભ ન ભાળે કોઇ કદી;
જીવ્યું આ દુનિયા માંય રદી. સુણ. ૧૪
વ્યસનો વધશે એથી ઝાઝાં, નિજ કુળ તણી ઘટશે માઝા:
ફિટકાર તણાં વાગે વાજા, સુણ. ૧૫
છે સટ્ટામાંહે પાપ અતિ, મૃત્યુથી પામે માઠી ગતિ;
નરકાદિ પણ સંઘરતુ નથી. સુણ. ૧૬
છે ઉત્તમ ધંધાઓ બહુએ, કરી મે'નતને રળતા સહુએ;
સુખ ભોગવતા તે તો સૌએ, સુણ. ૧૭
કેશવ શીખ ઉર ધરજે સારી, તજ સટ્ટાને શત્રુ ધારી;
હારી બેઠા કંઇ ઝખ મારી, સુણ. ૧૮

જાય છે જગત ચાલ્યું રે આ જીવ જોને–એ રાગ

૧૧

કોડોજન કર્યા ખાલી રે, જોટાની જાળે ટેક
સટ્ટે બહુ સાફ થયું, દ્રવ્ય દેશપાર ગયું;
કાર્યને સુધાર્યું કર્યું રે, જોટાની જાળે. ૧
લેવા ધન ઢગ ત્યાંહી, જરાએ વિચાર્યું નહિ;
પડયા કુવે દીવો સાહીરે, જોટાની જાળે. ૨
ચાંદીની પાટોએ લૂંટયા, પેટી–જોટે પૂરા કૂટયા;
ખાંડીથી ખાવાને ખૂટયાં રે, જોટાની જાળે. ૩

અડધું મેલીને આખું, જમવા જનાર ઝાંખું;
જાણે ગાડી ઘોડા રાખું રે, જોટાની જાળે. ૪
જેઓ તે જાળે ફસાણા, મૂકી આવ્યા માલ નાણાં;
ડુલ્યા દેવું કરી શાણા રે, જોટાની જાળે. ૫
ગાંઠનું ગુમાવી સહુ, રાખમાં રોળાણા બહુ;
ચતુરો ત્યાં ચૂકયા કહું રે, જોટાની જાળે, ૬
બગીચો બનાવ્યો રાન, ઘણાનું ભૂલાવી ભાન;
દટાવ્યું દેશાભિમાન રે, જોટાની જાળે. ૭
મુરખાઓ પાકયા માટે, હિંદનું સાગર વાટે;
જર જાય છે સપાટે રે, જોટાની જાળે. ૮
નીતિનામ મુખે ભજી, અવળો વે'પાર તજી;
બગડયું સુધારો હજી રે, જોટાની જાળે. ૯
તજીને સટ્ટાનો ખ્યાલ, બચો થતા પાયમાલ;
વિનવે કેશવલાલ રે, જોટાની જાળે. ૧૦

છપ્પો.

૧૨

સટ્ટો શત્રુ જાણ જરૂર જન લાજ ગમાવે,
આપે કષ્ટ અપાર કુળમાં આગ લગાવે;
ટળે ત્વરાથી ધન અન્તે પરમેશ્વર રૂઠે,
ભવન કરી દે ભસ્મ બોલતાં શીખે જુઠે;
સટ્ટેથી વહેવાર સુખ પળમાં વણસી જાય છે,
સટ્ટાના ફરનાર સઉ અંતે દુઃખી થાય છે.

સમાપ્ત.

જાહેર ખબર.

નીચેનાં પુસ્તકોની જુજ નકલો રહી છે. તેથી તે જે સજ્જનોને મંગાવવા મરજી હોય તેમણે વી. પી.થી અગર રોકડી કિંમત મોકલી મંગાવી લેવા મહેરબાની કરવી. [ટપાલ ખરચ વગેરે મંગાવનારે પોતાને શિર સમજવું.]

નિતિદર્પણ	આવૃત્તિ પહેલી	કિંમત	૦—૨—૦
શ્રી હંસવિનોદ	આવૃત્તિ પહેલી	,,	૦—૧૨—૦
જૈન તત્વસાર	ગુજરાતી ભાષાંતર	,,	૨—૦—૦
કુમાર વિહાર શતક		,,	૧—૪—૦
શોકયોના ઝગડા અને પતિનો પસ્તાવો		,,	૦—૧—૦
સટોરીયાને શિખામણ		,,	૦—૦—૬

પ્રાણી પોકાર [ટપાલ ખરચ માટે અડધા આનાની ટીકીટ બીડવાથી મફત મોકલવામાં આવશે.]

લી. સેવક.

ઝુમખાવાડ મ્હોટી પોળ
અમદાવાદ.

શ્રી હંસવિજયજી જૈન લાયબ્રેરીના
ઓનરરી સેક્રેટરી.
જેરામભાઈ ભાયાલાલ સુતરીઆ.